## ચાઈનીઝ લારી માલીકને ધમકાવવા પિસ્ટલ લઈને ફરતા એક ઈસમને પિસ્ટલ સાથે ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી. ટીમ

સુરત શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ એસ.ઓ.જી.ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ASI ગોપીરામ દાદુભાઈ તથા HC ઝાકીરહુસૈન યુસુફનાઓને બાતમી મળેલ કે, "વિશાલ ઉપાધ્યાય રહે.આસપાસ ગોડાદરા લીમ્બાયત, સુરતનાનો પોતાની પાસે એક પિસ્તોલ રાખે છે અને હાલ તે આ પિસ્તોલ લઈ પાંડેસરા પ્રમુખ પાર્ક બ્રીજની નજીક ભેદવાડ પે એન્ડ યુઝ ટોયલેટ પાસે ઉભેલ છે" જે બાતમી આધારે સદરહુ જગ્યાએ રેઈડ કરી આરોપી વિશાલ ઉર્ફે લક્કી S/O વિજયરાજ ઉપાધ્યાય ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે.શ્યામ હાઈટસ શોપીંગ સેન્ટર પાસે આવેલ "જય અંબે ચાઈનીઝ લારી" ના શેડમાં માનસરોવર સોસા. આસપાસ ગોડાદરા, લીમ્બાયત,સુરત મુળવતન ગામ કાપાહરી પોસ્ટ વિજહારી તા.પટ્ટી જી.પ્રતાપગઢ (યુ.પી)નાને પિસ્ટલ નંગ-૦૧ કિં.રૂ.૧૫,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી પિસ્ટલ બાબતે પુછપરછ કરતા પોતે "જય અંબે ચાઈનીઝ લારી" ઉપર મજુરી કામ કરતો હતો તે મજુરીના નવ મહિનાનો પગાર શેઠ નામે જીતેન્દ્ર શ્રીદેવતાદિન યાદવનાઓ આપતા નહિ હોવાથી શેઠ જીતેન્દ્ર યાદવને ધમકાવવા સારૂ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ શહેર કતરા રોડ ખાતેથી રઘુ ઠાકોર રહે.કુંડા જી.પ્રતાપગઢ (યુ.પી) નાઓ પાસેથી પિસ્ટલની ખરીદ કરી લાવેલ હોવાની હકીકત જણાવેલ જેથી પિસ્ટલ આપનાર રઘુ ઠાકોર રહે.કુંડા જી.પ્રતાપગઢ (યુ.પી) નાને વોન્ટેડ જાહેર કરી આર્મ્સ એકટ મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.